सत्यमेव जयते

**-: <u>આંક-૧ લગત હુકમ</u> :-**

૧. હાલની અપીલ અપીલ કર્તાએ ગુજરાત પ્રોવેન્શીયલ મ્યુનીસીપલ કોર્પોરેશન એકટ ની કલમ-૪૦૬ અન્વયે મહાનગર પાલીકા-ભાવનગર ધ્વારા કરવામા આવેલ રૂ.૧૮,૭૬૭/-મ્યુનિસીપલ ટેક્ષ આકારણી સામે તા.૨૪-૦૪-૨૦૧૮ ના રોજ અપીલ દાખલ કરેલ છે.

૨. અપીલ દાખલ થતા મારા પુરોગામી વિધ્વાન ત્રીજા એડીશ્નલ સિનિયર સિવિલ જજશ્રી નાઓએ અપીલ કરતાએ ચેલેન્જ કરેલ અપીલની રકમ પૈકી ૭૫% રકમ (રૂ.૧૪૦૭૫)દિવસ-૧૦ મા જમા કરી અત્રેની કોર્ટમા જમા કરાવ્યાની પાવતી રજુ કર્યેથી નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા બનાવેલ નિયત નમુનામા નોટીસ કાઢવાનો હુકમ કરવામા આવેલ.

3. સદરહુ હુકમ બાદ અપીલ કર્તા ધ્વારા અપીલની રકમ ૭૫% રકમ રૂ.૧૪,૦૭૫/- ના બદલે રૂ.૩૧૨૪/- ભાવનગર મહાનગર પાલીકામાં જમા કરાવેલ છે. ત્યારબાદ સદરહુ હુકમ મુજબ અપીલ કર્તાએ સમય મર્યાદામા ચેલેન્જ કરેલ અપીલની ૭૫% રકમ ભાવનગર મહાનગર પાલીકામા જમા કરવામા આવેલ હોય તેવો કોઈ દસ્તાવેજી આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. ત્યારબાદ અપીલ કર્તાને તા.૧૫-૦૪-૨૦૨૬ ના રોજની નોટીસ કાઢી જાતે અથવા તો વકીલશ્રી મારફત હાજર રહેવા નોટીસ આપવામા આવેલ જે નોટીસ બજી જતા અપીલ કર્તા તેમના વિ.વ.શ્રી મારફત હાજર થઈ દલીલ કરેલ છે કે, આ કામના સામાવાળા ધ્વારા તેમને નવી મ્યુનિસીપલ ટેક્ષ આકારણી માટે તેમને કાયદાનુસારની

નોટીસ આપવામા આવેલ ન હોય, નોટીસ આપ્યા વગર વધારેલ ટેક્ષ આકારણી કરવા ધી ગુજરાત પ્રોવેન્શીયલ મ્યુનીસીપલ કોર્પોરેશન એકટમા કોઈ જોગવાઈ ન હોય ખોટી આકારણી રદૃ કરવા દલીલ કરેલ છે. વધુમાં, અપીલ કર્તા કે તેમના વિ.વ.શ્રીએ હુકમ મુજબ ૭૫% રકમ ભરપાઈ કર્યા બાબતે કોઈ પુરાવો રજુ રાખેલ નથી કે વિશેષ કોઈ રજુઆત કરેલ નથી. વધુમાં સામાવાળાના વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, અપીલ કર્તાને નોટીસ આપવામા આવેલ છે અને નોટીસ બજી ગયેલ હોવા છતા અપીલ કર્તા હાજર રહેલ નથી કે અપીલ કર્તા તરફથી કોઈ સુચનાઓ આપેલ નથી.

૪. અપીલ કર્તાએ અપીલ દાખલ કર્યા બાદ અત્રેની કોર્ટમા સમય મર્યાદામા હુકમ મુજબ નાણાં જમા કરાવેલ નથી તે સંજોગોમાં ધી ગુજરાત પ્રોવેન્શીયલ મ્યુનીસીપલ કોર્પોરેશન એકટની કલમ–૪૦૬ મુજબ જયાં સુધી કોર્ટના હૂકમ મુજબ નાણાં જમા કરવામા આવે નહિ ત્યાં સુધી આગળ ઈન્સાફી કાર્યવાહી કરી શકાય નહી તેવી જોગવાઈ ઘ્યાને લઈ અપીલ કર્તાએ સમય મર્યાદામા નાણાં જમા કરાવેલ નથી તે હકીકતને ઘ્યાને લેતા ઉપર મુજબની ચર્ચાના આધારે રેકર્ડ પરની હકીકત ઘ્યાને લઈ ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

૧. અપીલ કર્તાની અપીલ સમય મર્યાદામા કોર્ટના હૂકમ મુજબ નાણાં જમા કરાવેલ ન હોય તે સબબ ''ડીસમીસ ફોર ડીફોલ્ટ'' કરવામા આવે છે.

હુકમ આજ તા:૨૪, માહે: એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ, ખુલ્લી અદાલતમાં, વાંચી સંભળાવી, જાહેર કર્યો.

તા.૨૪–૦૪–૨૦૨૬.
સ્થળ : ભાવનગર.

(મયુર ડી.બ્રહભટ્ટ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
ભાવનગર

એ.બી.મકવાણા

**CODE GJ01008**